***આંક–૫૧ની અરજીનું સંધાણ.*** **ક્રિ.કેસ નં.૬૧૦૮/૨૦૦૮**

**–: આંક–૫૧ ની અરજી લગત હુકમ :–**

(૧) અરજી વંચાણે લીધી. કેસ પેપર્સ ધ્યાને લીધા. વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૨) આરોપી તર્ફે વિ.વ.શ્રી ચૌધરીએ જણાવેલ છે કે, ફરીયાદીની જુબાની તા.૧૮–૦૪–૨૦૧૩ના રોજ થઈ, ત્યારબાદ ઉલટતપાસ માટે આંક–૨૮ થી મુદત અરજી મંજુર કરવામાં આવેલ, ત્યારબાદ તા.૦૫–૦૯–૨૦૧૩નાં રોજ આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવ્યો, તે જ દિવસે રીઓપન કરવા અરજી આપેલી, જે આંક–૩૩થી આપી તેને સુનાવણી માટે રાખેલ અને સુનાવણી કરવામાં આવેલ નહી. છેક તા.૦૪–૮–૨૦૧૪નાં આંક–૩૩ની અરજી મંજુર કરી સાક્ષી આવેલ નહી તેથી અરજી ગ્રાન્ટ કરેલ, તેથી ઉલટતપાસ લઈ શકાયેલ નહી. ત્યારબાદ તા.૨૩–૫–૧૫નાં રોજ ફરીયાદીને સમન્સ કરી ઉલટતપાસ માટે બોલાવેલ પરંતુ સમન્સ કરેલ નહી અને તા.૦૩–૦૭–૨૦૧૫નાં રોજ ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. જેથી આંક–૫૧ની અરજી આપેલ છે. ઉલટતપાસ કરવા દેવામાં ન આવે તો બચાવ થઈ શકે તેમ નથી. જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ જણાવેલ છે કે, રૂ.૧૫૦૦/– કૉસ્ટ સાથે અરજી મંજુર કરેલ તેમ છતાં ઉલટતપાસ કરેલ નથી. પછી તા.૦૫–૦૯–૨૦૧૩ના રોજ હકક બંધ કર્યો. તે રીઓપન કરવા માટે અરજી આપી તેમ છતાં ઉલટતપાસ કરેલ નહી. ત્યારબાદ તા.૨૦–૦૪–૨૦૧૪ની ડીસ્ચાર્જ

અરજી આપી. આમ કામ લંબાવે રાખેલ છે. ત્યારબાદ ઉલટતપાસ માટે હાજર નથી રહયા, તેથી તા.૦૩–૦૭–૨૦૧૫નાં રોજ ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલો. તા.૧૪–૧૨–૨૦૧૫ના રોજ બીજા સાક્ષીની સરતપાસ લેવામાં આવેલ છે, સાક્ષી પણ તપાસેલ છે. આંક–૫૦થી ઉલટતપાસ માટે અરજી આપેલ છે. આ સંજોગોમાં કામ લંબાવી રાખેલ હોઈ, ઉલટતપાસનો હકક ખોલવાની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) ઉપરોકત રજુઆત તેમજ કેસ રેકર્ડ ધ્યાને લેતાં, સદરહું કામે ફરીયાદીની જુબાની આંક–૧૬ થી નોંધાયેલ છે અને તેમાં ફરીયાદપક્ષે માત્ર સરતપાસ લેવામાં આવેલ છે જયારે આરોપી તર્ફે ઉલટતપાસ લેવાયેલ નથી અને આરોપી તર્ફે ઉલટતપાસ લેતા ન હોઈ હકક બંધ કરવામાં આવેલ છે. તે હકક રીઓપન કરવામાં આવેલ, તેમ છતાં ઉલટતપાસ લેવામાં આવેલ નથી. જોકે તે દરમિયાન ડીસ્ચાર્જ અરજી પણ રજુ કરવામાં આવેલ છે. તેની પણ સુનાવણી રાખવામાં આવેલ. તે ઉપરાંત ઉલટતપાસ રીઓપન કરવાની અરજી સુનાવણી માટે રાખવામાં આવેલ. ત્યારબાદ સાહેદ હાજર રહેલા છે કે કેમ તે અંગે કોઈ સ્પષ્ટતા નથી અને ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આરોપીને તક મળેલ છે કે કેમ તે પણ સ્પષ્ટ નથી. કારણ કે, ઉપરોકત બંને અરજીઓ સુનાવણી માટે પેન્ડીંગ હતી. આ સંજોગોમાં જયારે કે એ સ્વીકૃત હકીકત છે કે ફરીયાદીની ઉલટતપાસ થયેલ નથી. જેથી આરોપીને બચાવની તક આપવી વ્યાજબી અને ન્યાયી જણાય છે. જો કે એ પણ સ્પષ્ટ હકીકત છે કે આરોપી તર્ફે કામને વિલંબમાં નાંખવામાં આવેલ છે અને એક યા બીજી રીતે કામ વિલંબમાં નાંખવામાં આવેલ હોઈ, યોગ્ય ખર્ચ સહિત એક આખરી તક બચાવ માટે

આપવામાં આવે તો કેસના ગુણદોષ ઉપર નિકાલ થઈ શકે તે ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

અરજી (આંક-૫૧) ખર્ચ સહિત મંજુર કરવામાં આવે છે. આરોપીએ કૉસ્ટ પેટે રૂા.૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર) પુરા જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, બનાસકાંઠા, પાલનપુરમાં જમા કરાવવા તેમજ સાહેદને ભાડાભથ્થુ ચૂકવેથી સાહેદને ઉલટતપાસ માટે સમન્સ કરવો.

હુકમ આજ તારીખ : ૨૦મી, માહે જાન્યુઆરી, સને ૨૦૧૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પાલનપુર.
તા.૨૦-૦૧-૨૦૧૬

(એમ.એમ.શેખ)
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
પાલનપુર.
{UIC No. GJ 00607}